
# સેટેલાઈટ ઈન્ટરનેટ માટે બે બળિયા બાથ ભીડશે

## ટેક-ટોક

★ આનંદ ગાંધી

તમે આના વિશે હવે જાણતા હશો કારણ કે હવે સેટેલાઈટ ઈન્ટરનેટની ઘણી ચર્ચા થાય છે. સેટેલાઈટ ઈન્ટરનેટની કામ કરવાની પદ્ધતિ અત્યારના ઈન્ટરનેટ પ્રોવાઈડર કરતાં જુદી છે. અત્યારે ઠેર-ઠેર ટાવર્સ નાખીને મોબાઈલ સુધી ઈન્ટરનેટ પહોંચાડવામાં આવે છે અથવા તો વાયરનું જોડાણ કરીને ઈન્ટરનેટનો એક્સેસ મળે છે. સેટેલાઈટ ઈન્ટરનેટ આ બંને કરતાં ઘણી અલગ પદ્ધતિ છે.




પૃથ્વીથી 500 કિલોમીટર દૂર અવકાશમાં સેટેલાઈટ ગોઠવીને ઈન્ટરનેટ આપવું તેને સેટેલાઈટ ઈન્ટરનેટ કહેવાય છે. ઈન્ટરનેટ આપવાની ટેક્નોલોજીની વાત નીકળે ત્યારે તેને ભવિષ્યની ટેક્નોલોજી કહેવામાં આવે છે.

યુઝર્સને નજીકના મોબાઈલ ટાવર્સ પર નિર્ભર રહેવાની જરૂર પડતી નથી. એક નાનકડા ડિશ એન્ટેનાની મદદથી મોબાઈલ કે લેપટોપમાં ઈન્ટરનેટ કનેક્ટ થઈ જશે. ગાઢ જંગલોમાં, દુર્ગમ પહાડીઓમાં કે મધદરિયે ટાપુમાં અથવા છેવાડાના દરિયાકાંઠે રહેતા કરોડો લોકોને હજુ ઈન્ટરનેટ મળતું નથી. તેમને સેટેલાઈટ ઈન્ટરનેટ આપવાની કવાયત ચાલી રહી છે.

સેટેલાઈટ ઈન્ટરનેટ આપવા માટે પાંચ-પચ્ચીસ સેટેલાઈટથી ચાલે નહીં. સંખ્યાબંધ સેટેલાઈટ લોંચ કરીને આખી ભ્રમણકક્ષાને ઉપગ્રહોથી સજ્જ કરવી



પડે. જો થોડાંક સેટેલાઈટ હોય તો જે સેટેલાઈટ યુઝર્સને ઈન્ટરનેટ આપતો હોય એ ડિવાઈસની રેન્જ બહાર જાય કે કનેક્ટિવિટી ખોરવાઈ જાય. આવું ન થાય તે માટે પૃથ્વીથી 550-600 કિલોમીટરની ઊંચાઈએ હજારો ઈન્ટરનેટ સેટેલાઈટ ગોઠવી દેવા પડે અને એ કામ અત્યારે એક માત્ર મસ્કની કંપની જ કરી શકી છે.

સેટેલાઈટ ઈન્ટરનેટના ક્ષેત્રમાં એલન મસ્કની કંપની સ્ટારલિંકની અત્યારે મોનોપોલી છે. પૃથ્વીથી છીછરી ભ્રમણકક્ષામાં સ્ટારલિંકના ૧૦ હજાર સેટેલાઈટ એક્ટિવ છે. કંપની ૧૫૦ દેશોના એક કરોડ યુઝર્સને સેટેલાઈટ ઈન્ટરનેટ આપે છે. લો અર્થ ઓર્બિટરની શ્રેણીમાં એક્ટિવ સેટેલાઈટમાં ૬૫% સેટેલાઈટ મસ્કની સ્ટારલિંક કંપનીના છે. જો કે તેને ટક્કર આપવા માટે જેફ બેઝોસ ઘણા સમયથી પ્રયાસો કરે છે.

એમેઝોનના માલિક અને ત્રીજા નંબરના સૌથી ધનવાન ઉદ્યોગપતિ જેફ બેઝોસે એમેઝોન પ્રોજેક્ટ કાઈપર લોંચ કરીને સેટેલાઈટ ઈન્ટરનેટના ક્ષેત્રમાં ઝંપલાવવાની જાહેરાત તો ઘણાં વર્ષો પહેલાં કરી હતી. એ પ્રોજેક્ટ એમેઝોન લીઓ નામથી રિલોંચ થયો હતો અને એમેઝોને ૧૦ અબજ ડોલરનું રોકાણ પણ મેળવી લીધું છે. આ પ્રોજેક્ટના ભાગરૂપે એમેઝોને ૩૨૦૦થી વધુ સેટેલાઈટ લોંચ કરવાની પરવાનગી મેળવી લીધી છે.

એમેઝોનના સેટેલાઈટ ઈન્ટરનેટના બિઝનેસને આગળ વધારવા માટે હવે જેફ બેઝોસે આ ક્ષેત્રની મહત્ત્વની કંપની ગ્લોબલસ્ટારને ૧૧.૫૭ અબજ ડોલરમાં ખરીદી લીધી છે. ગ્લોબલસ્ટાર કંપનીની સ્થાપના ટેલિકોમ્યુનિકેશન કંપની તરીકે ૧૯૯૧માં થઈ હતી. એ પછી કંપનીએ સેટેલાઈટ ઈન્ટરનેટના બિઝનેસમાં ઝંપલાવ્યું હતું. આ કંપનીના અત્યારે ૫૦ સેટેલાઈટ એક્ટિવ છે. ૪૮ સેટેલાઈટ લોંચ થવાના છે.

સેટેલાઈટની સંખ્યાની દૃષ્ટિએ ઘણાં ઓછા છે પરંતુ કંપનીનું સેટઅપ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને તૈયારી માટે આ રકમ જેફ બેઝોસ આપશે. આ કંપની બેથી ત્રણ સ્થળોએ તેના ઓપરેશન ચલાવે છે એ બધા એમેઝોનના કબજામાં આવશે.

૨૦૨૭માં જેફ બેઝોસને આ કંપનીનો કબજો મળશે. એમેઝોને જો કે એ સ્પષ્ટતા કરી નથી કે ગ્લોબલસ્ટાર એમેઝોન લીઓમાં મર્જ થશે કે પછી બંને કંપની જુદી જુદી રીતે કામ કરશે. ગ્લોબલસ્ટારમાં એપલની ૨૦% હિસ્સેદારી છે. એમેઝોને કહ્યું હતું કે તે એપલ સાથે મળીને કામ કરશે. એમેઝોને ગ્લોબલસ્ટાર કંપની ખરીદી લેતા મસ્કની સ્ટારલિંક કંપનીને મજબૂત ટક્કર મળશે. એમેઝોન લીઓ અને ગ્લોબલસ્ટાર મળીને આગામી બે-ત્રણ વર્ષમાં ચારથી પાંચ હજાર સેટેલાઈટ એક્ટિવ કરે તો સેટેલાઈટ ઈન્ટરનેટના ક્ષેત્રમાં હરીફાઈ બરાબર જામશે.

તમે જોતા રહો સેટેલાઈટ ઈન્ટરનેટના યુગનો આરંભ થઈ ગયો છે અને હજુ આમાં બીજી કંપનીઓ પણ ઝંપલાવશે.

---

## ગિલા ભી તુઝ સે બહુત હૈ મગર મોહબ્બત ભી
## વો બાત અપની જગહ હૈ યે બાત અપની જગહ

**- બાસિર સુલ્તાન કાઝમી**

## કેફિયત

★ હનીફ મહેરી

ફરિયાદ પણ તારાથી ઘણી છે પરંતુ પ્રેમ પણ, એ વાત એની જગ્યાએ છે આ વાત એની જગ્યાએ. જે વ્યક્તિની તમને ફરિયાદ( ગિલા ) ઘણી હોય તે વ્યક્તિ પ્રત્યે પ્રેમ પણ એટલો જ હોય. જે વ્યક્તિની શિકાયત વધુ હોય તેના પ્રત્યે પ્રેમ પણ એટલો જ કે તેનાથી વધુ હોય છે. પ્રેમની કોઈ મર્યાદા નથી. એ વધતો જ જાય છે. જયારે શિકાયત કે નફરતની એક મર્યાદા હોય છે. પ્રિયજન પ્રત્યે કોઈ સમયે, કોઈ વાત પર તમને શિકાયત હોય તો એ તે સમય પૂરતી હોય છે પરંતુ તેનો મતલબ એ નથી કે પ્રિયજન પ્રત્યે તમને પ્રેમ નથી. પ્રેમ તેની જગ્યાએ છે, શિકાયત તેની જગ્યાએ. ઘણી વખત શિકાયત તો ક્ષણભર હોય છે. તેનાથી પ્રિયજન પ્રત્યેનો પ્રેમ કે મોહબ્બત ઓછી થઈ જતી નથી પરંતુ ઘણી વખત તો થોડી ઘણી શિકાયત બાદ ફરીથી પ્રિયજન સાથેનો મેળાપ વધુ પ્રેમ આપનારો સાબિત થાય છે. પ્રેમનો અતિરેક પણ ફાયદાકારક હોય છે. જયારે પ્રેમ તેની પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે એ ભક્તિનું રૂપ લઈ લે છે. પ્રેમ ક્યારે પણ નુકસાનકારક હોતો નથી. જ્યાં પ્રેમ હોય ત્યાં નફરત આપમેળે ગાયબ થઈ જાય છે. કોઈ પ્રેમ કરનારા થોડો સમય માટે એક બીજાની શિકાયત પણ કરે પરંતુ તેનો મતલબ એવો નથી કે બંને વચ્ચે પ્રેમ નથી. પ્રેમ તેની જગ્યાએ છે અને શિકાયત તેની જગ્યાએ. પ્રિયજન પ્રત્યે શિકાયત વધુ હોય ત્યારે એ વાત સમજી લેવી જોઈએ કે તેના પ્રત્યે પ્રેમ પણ તેનાથી વધુ જ હોય. જેના પ્રત્યે તમે વધુ પ્રેમ રાખો છે તેના પ્રત્યે જ તમારી વધુ પડતી શિકાયત હોય છે પરંતુ એ શિકાયતમાં ધિક્કારનો ભાવ હોતો નથી. એ શિકાયતમાં પણ નકરો પ્રેમ જ હોય છે. પ્રિયજન પ્રત્યેનો અનહદ પ્રેમ તમને કેટલીક વખત તેના પ્રત્યે ફરિયાદ પણ કરે છે પરંતુ એ ક્ષણભર હોય છે. જ્યાં પ્રેમ હોય છે ત્યાં નફરત હોતી નથી. થોડી ફરિયાદ હોય તે પણ કાયમ રહેતી નથી. પ્રેમ સાચો કે ખોટો હોતો નથી. પ્રેમ હોય છે અથવા નથી હોતો.

